# RAKSHABANDHAN CELEBRATIONS

# 2025-26

Managed by Arya Kanya Vidyalaya Trust

**Gurukul Mahila Arts and Commerce College**

At & Post : Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, Bokhira Vistaar,
PORBANDAR– 360579 GUJ INDIA

Re-Accredited 'B++' (CGPA 2.99) by NAAC

Phone : +91 286 2245561|+91 9374129126





ARS Nagar



# બળેવ પૂનમના દિવસે ગુરૂકુળની 300 દિકરીઓએ યજ્ઞપવિત ધારણ કરી

**આર્ય કન્યા ગુરૂકુળમા છેલ્લા ૪૪ વર્ષથી પરંપરા ચાલી આવે છેઃ આજના અધુનિક યુગમાં પણ દિકરીઓ યજ્ઞપવિત ધારણ કરે છે**





પોરબંદર ખબર

રાજરત્ન નાનજી કાલિદાસ મહેતા આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત આર્ય કન્યા ગુરૂકુળમા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણી પૂનમના દિવસે ગુરૂકુળની દિકરીઓ નૂતન યજ્ઞપવિત ધારણ કરી હતી

પોરબંદરના આર્ય કન્યા ગુરૂકુળમાં વિદ્યાર્થીનીઓએ યજ્ઞનો પવિત એટલે કે જનોઈ ધારણ કરી હતી અને પોતાના ગુરૂના આશીર્વાદ મેળવ્યા હતા.હિન્દુ ધર્મમાં 16 સંસ્કારોનું ખૂબ જ મહત્વ છે, તેમાંથી એક છે યજ્ઞોપવિત એટલે કે સંસ્કાર. યજ્ઞોપવિત સંસ્કારનું માત્ર ધાર્મિક દ્રષ્ટિએ જ નહી પણ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ ઘણું મહત્વ છે. પ્રાચીનકાળમાં જનોઈ ધારણ કર્યા પછી જ બાળકને શિક્ષા પ્રાપ્ત કરવાનો અધિકાર મળતો હતો. આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ વૈદિક વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરીને બહેનોને પણ જનોઈ પહેરવાનો અધિકાર આપ્યો છે એવો વેદસંદેશ આપ્યો.રક્ષાબંધનના અને નારિયેળી પૂનમ નિમિત્તે જનોઈ બદલવામાં આવે છે. આજના દિવસે વૈદિક અને ધાર્મિક વિધિથી જનોઈ બદલવામાં છે.બ્રાહ્મણો અને પુરૂષો સામન્ય રીતે જનોઈ ધારણ કરતા હોય છે પરંતુ ગુરૂકુળમાં દિકરીઓ પણ જનોઈ ધારણ કરે છે અને છેલ્લા ૪૪ વર્ષથી આ પરંપરા ચાલ આવે છે.

પોરબંદરના આર્યકન્યા ગુરૂકુળમાં યુવતીઓ ધન્યતાની લાગણી અનુભવે છે. ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ રંજનબેન મજીઠીયાના જણાવ્યા અનુસાર આજે 300 જેટલી દિકરીઓએ જનોઈ ધારણ કરીને હિન્દૂ સંસ્કૃતિનું સિંચન કર્યું છે.પોરબંદરના શેઠ નાનજી કાલિદાસ મહેતા અને પુત્રી સવિતા દીદી સ્થાપિત આર્યકન્યા ગુરૂકુળમાં આઠ દાયકાથી દીકરીઓને અભ્યાસ કરાવાય છે અને તેમનામાં આર્ય સંસ્કૃતિનું સિંચન કરવામાં આવે છે. અહીં અભ્યાસ કરતી દીકરીને ધર્મ, અભ્યાસ અને સામાજિક પ્રવૃત્તિનું શિક્ષણ આપવામાં આવે છે, સાથે સાથે ધર્મ સમાજમાં કેવી રીતે વ્યવહારું બનવું તેનું પણ મહત્વ સમજાવવામાં આવે છે.

ARS Nagar







ARS Nagar












ARS Nagar











ARS Nagar
















ARS Nagar







ARS Nagar

# Press - note

p:www.youtube.com/@porbandarkhabar | પોરબંદર ખબર | 14 ઑગસ્ટ, 2025, ગુરુવાર | 17

# ગુરૂકુળ કોલેજમાં વૃક્ષ રક્ષા બંધનની ઉજવણી

» વિદ્યાર્થી અને પ્રાધ્યાપકો દ્વારા વૃક્ષોનું પૂજન કરી રાખડી બાંધવામાં આવી







પોરબંદર@ખબર

...રણ સુરક્ષા કાયદો, 1986 કેન્દ્ર ...રને પર્યાવરણના રક્ષણ માટે તમામ પગલાં લેવાની સત્તા આપે ... આપણે સૌ જાણીએ જ છીએ. ... કોર્ટના આદેશ અનુસાર અને ...સીની ગાઈડ લાઈન અનુસાર ... ભારતમાં પર્યાવરણ વિષયનો ...સ અનિવાર્ય છે. ... પ્રમાણે ગુરૂકુળ મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, પોરબંદરમાં પણ આચાર્ય ડૉ. અનુપમ નાગરની પ્રેરણા અને માર્ગદર્શનથી છેલ્લા 8 વર્ષથી શોભનાબેન વાળા અને 4 વર્ષથી પ્રા. શુભમ સામાણી દ્વારા પર્યાવરણ વિષયનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. એટલું જ નહિ, પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ અને કાળજી વધે માટે આ કોલેજમાં અવનવા ઉત્સવો ઉજવાય છે તથા સરકાર અને સરકારી સંસ્થાઓ દ્વારા ઉજવાતા વિશેષ કાર્યક્રમોનું પણ આ કોલેજમાં આયોજન થાય છે. આ વર્ષે પણ કોલેજમાં આચાર્ય ડૉ. અનુપમ નાગરની પ્રેરણાથી અને નેશનલ એજ્યુકેશનલ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના માર્ગદર્શનથી વૃક્ષ રક્ષા બંધનની ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર ઉપક્રમની વ્યવસ્થાનો દોર પ્રા. શોભનાબેન વાળા અને પ્રા. શુભમ સામાણીએ સંભાળ્યો હતો. કોલેજના આચાર્ય અનુપમ નાગર દ્વારા સૌ પ્રથમ વૃક્ષ પૂજન કરાયું હતું અને વૃક્ષને રાખડી બાંધવામાં આવી હતી. ત્યારબાદ સૌ અધ્યાપકો દ્વારા તથા કોલેજની તમામ વિદ્યાર્થીનીઓ દ્વારા વૃક્ષોને રાખડી બાંધવામાં આવી હતી.

સમગ્ર ઉપક્રમનું સંચાલન સુચારુ રીતે થાય તે માટે પ્રાધ્યાપકો દ્વારા અને વિદ્યાર્થીની બહેનો દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી.

"The tree never eats its own fruits, the river never drinks its own water. In the same way, noble and virtuous people are those who gather wealth and resources for the benefit of others."

According to the Environment Protection Act, 1986, the Central Government has been vested with the authority to take all necessary measures for the protection of the environment. This is well known to all of us. As per the directive of the Supreme Court and the guidelines of the University Grants Commission, the study of Environmental Science has been made compulsory throughout India.

In line with this, Gurukul Mahila Arts and Commerce College, Porbandar, under the inspiration and guidance of Principal Dr. Anupam Nagar, has been offering Environmental Studies for the last eight years. This subject was initially conducted by Prof. Shobhana Vala, and for the past four years, it has been conducted by Prof. Shubham Samani. Not only this, but to foster love and care for the environment, the College celebrates various festivals and also organizes special Programmes in accordance with the Government and its agencies. This year too, inspired by Principal Dr. Anupam Nagar and guided by the National Educational Trust of India, the College celebrated Vriksha Raksha Bandhan (Tree Protection Festival). The arrangements for this entire initiative were overseen by Prof. Shobhana Vala and Prof. Shubham Samani. The celebration commenced with Principal Dr. Anupam Nagar offering worship to a tree and tying a sacred thread (Rakhi) to it. Thereafter, all the faculty members and students of the College tied Rakhis to trees with devotion and reverence. Both the faculty and the students worked diligently to ensure the smooth and successful execution of this entire Programme. "With the same sacred thread by which King Bali, the mighty monarch of the demons, was bound, I now bind you. O Raksha, remain firm, remain steadfast."

ARS Nagar